BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)



# જ્ઞાનગંગા

## ન્યૂઝલેટર




વર્ષ : ૧૩ અંક : ૪૧ જૂન : ૨૦૧૯

# યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.
અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.
સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.
સંસ્કારોની સુગંધ મહેકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ ભવ્ય રાષ્ટ્ર નિર્માણ ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ... ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...



# કુલપતિશ્રીની કલમે...

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી  સાથે વિદ્યાર્થી તરીકે જોડવા બદલ હું આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છે અને શુભકામનાઓ પાઠવું છે. ગુજરાત સરકારના ભગીરથ પ્રયાસોથી ઈ.સ. ૧૯૯૪માં સ્થાપિત ગુજરાતની એકમાત્ર ઓપન યુનિવર્સિટી પોતાની સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ કરી ચૂકી છે, ત્યારે ગુજરાતના ખૂણે ખૂણે પહોંચી શિક્ષણ મેળવવા ઈચ્છતા એક મોટા વર્ગની શિક્ષણ પિપાસા તૃપ્ત કરી શકે છે, તે ખરેખર ગર્વની બાબત છે. સમાજના પ્રત્યેક વર્ગને શિક્ષણની સમાન તક આપી 'સૌ ભણે, સુખ લણે!'ના સુત્રને ચરિતાર્થ કરીને આ યુનિવર્સિટીએ 'ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીને એક ઉચિત અંજલિ આપી છે. યુનિવર્સિટીની આ વિદ્યા યાત્રામાં આપ પણ સહયાત્રી થયા છો, તે બદલ અભિનંદન.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ ક્રમિક રીતે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. ખુબ નાના ભવનમાં શરૂ થયેલી આ યુનિવર્સિટી આજે ભૌતિક સુવિધાઓ અને ટેકનોલોજીથી સુસજ્જ અદ્યતન પરિસરમાં કાર્યરત છે. સમય સાથે કદમ મિલાવીને આજે યુનિવર્સિટીએ ઓનલાઈન પ્રવેશ, કેશલેસ કેમ્પસ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ વગેરે જેવા અનેક આધુનિક પ્રકલ્પો સિદ્ધ કર્યા છે. યુનિવર્સિટી સ્ટેટ ઓફ ધ આર્ટ : ચૈતન્ય સ્ટુડિયોમાં વિદ્યાર્થીઓ માટે ઉત્તમ ગુણવત્તાના શૈક્ષણિક ઓડિયો વિઝ્યુઅલ કાર્યક્રમનું નિર્માણ થાય છે અને તે ગુજરાત સરકારની 'વંદે ગુજરાત-૧૬ ચેનલ' પરથી પ્રસારિત થાય છે. યુનિવર્સિટી દ્વારા આવા શૈક્ષણિક કાર્યક્રમો 'સ્વાધ્યાય ટેલીવિઝન' અને 'સ્વાધ્યાય રેડિયો'ના માધ્યમથી કથક, કમ્પ્યૂટર, પ્રૂફરીડીંગ, યોગ, નેચરોપથી વગેરે જેવા વૈવિધ્યસભર ઓનલાઈન અભ્યાસક્રમો નિઃશુલ્ક પુરા પડ્યા છે.

ડૉ. બાબાસાહેબ એવું દ્રઢપણે માનતા હતા કે કોઈપણ સમાજનો વિકાસ તે સમાજની મહિલાઓના વિકાસ પર નિર્ભર છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં મહિલાઓના અધ્યયનને પ્રોત્સાહન આપવા વિશિષ્ટ અભ્યાસક્રમો છે અને ઓછી ફીથી ભણવાની વ્યવસ્થા પણ છે. વધુમાં ખૂબ જ નજીકના ભવિષ્યમાં યુનિવર્સિટી પ્રત્યેક અભ્યાસક્રમોનું નવીનીકરણ કરવા જઈ રહી છે અને અનેક ઉપયોગી અને અદ્યતન અભ્યાસક્રમો અને વિશેષ તે નવા ઓનલાઈન અભ્યાસક્રમો પણ શરૂ કરવા જઈ રહી છે, જે ગુજરાતભરના વિદ્યાર્થીઓ માટે નવી તકો પૂરી પડશે અને આજના પડકારો માટે સુસજ્જ બનાવશે. યુનિવર્સિટી પોતાના પરિસરમાં પણ વિદ્યાર્થીઓ માટે અભ્યાસકેન્દ્ર શરૂ કરવા જઈ રહી છે, જ્યાં વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ પરામર્શનનો અનુભવ મેળવી શકશે. યુનિવર્સિટી દ્વારા વિશિષ્ટ-દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સ્પેશ્યલ લર્નર સેન્ટર શરૂ કરવાનું આયોજન કર્યું છે, જે એક આગવો પ્રકલ્પ છે.

આપ જયારે આ યુનિવર્સિટી સાથે વિદ્યાર્થીના નાતે જોડાઈ રહ્યા છો ત્યારે આપની પાસે એ જ અપેક્ષા છે કે, આપ સૌ પ્રથમ તો દૂરવર્તી પ્રણાલીનો પરિચય મેળવો, યુનિવર્સિટીની સતત અપડેટ થતી વેબસાઈટ દ્વારા યોગ્ય માહિતી મેળવતા રહો અને યુનિવર્સિટીના કેન્દ્રો દ્વારા જે પરામર્શનની વ્યવસ્થા કરવામાં આવે છે તેનો વધુમાં વધુ લાભ લો. યુનિવર્સિટીએ પોતાની ક્ષિતિજોનો વિસ્તાર કરી વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ વિકાસ માટે 'તેજતૃષા પ્રતિભા શોધ' જેવા સાંસ્કૃતિક, રમત ગમત અને સાહિત્યિક કાર્યક્રમો પણ શરૂ કર્યા છે. આવા કાર્યક્રમોમાં ભાગ લઈ આપ પણ પોતાની શક્તિઓને નિખારો એવી અભ્યર્થના છે.

શિક્ષણની ગુણવત્તાને વધારવા અને શિક્ષણ પ્રદાન કરતી પ્રક્રિયાની ગુણવત્તા વધારવા શિક્ષણશાસ્ત્રીઓ, નોકરીદાતાઓ તથા વિદ્યાર્થીઓ તરફથી આવતી ટિપ્પણીઓ અને સૂચનો પર હું હ્રદયપૂર્વક ધ્યાન આપીશ. હું સમાજના દરેક હિસ્સેદારને આ જ્ઞાનની અવિરત યાત્રામાં સાથે જોડાવા માટે આમંત્રણ પાઠવું છું.

કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# PHOTO GALLERY














# ચતુર્થ પદવીદાન સમારોહ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો ચતુર્થ પદવીદાન સમારોહ તા. ૨૪/૦૬/૨૦૧૯ના રોજ જ્યોતિર્મય પરિસર યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયો, જેમાં યુનિવર્સિટીના કુલાધિપતિ ડૉ. અમી ઉપાધ્યાય અને માન. રાજ્યપાલશ્રી ઓ.પી.કોહલી ગુજરાત રાજ્ય, શિક્ષણમંત્રીશ્રી માન. ભૂપેન્દ્રસિંહ ચુડાસમા રાજ્યકક્ષા મંત્રી, વિભાવરીબેન દવે, ઈન્દિરાગાંધી નેશલન ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. નાગેશ્વર રાવ, યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટ, એ.પી.બી. સભ્યશ્રીઓ, યુનિવર્સિટીના કો.ઓર્ડિનેટરશ્રીઓ અને આમાંત્રિત મહેમાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી. યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી ડૉ. અમી ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન આપ્યું અને જાહેરાત કરતા જણાવ્યું કે, 'ચાલુ શૈક્ષણિક વર્ષથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કિન્નરો, દિવ્યાંગો અને શહીદ પરિવારના બાળકો માટે ગુજરાતનું સૌપ્રથમ **'Special Learner Supprot Center'** બનાવવામાં આવશે, જેમાં આ વર્ષે એડમીશન આપવામાં આવશે.

આ લર્નર સપોર્ટ સેન્ટરમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવાની સાથે તેઓને માર્ગદર્શન અને સ્કીલબેઝ તાલીમ પણ આપવામાં આવશે અને આ માટે ખાસ સ્ટડી મેથડ પણ ડેવલપ કરવામાં આવશે. જેમાં આદિવાસી પરિવારોના બાળકોનો પણ સમાવેશ કરવામાં આવશે. આ પદવીદાન સમારોહમાં ૧ ૨૦૦૦ વિદ્યાર્થીઓને ડિગ્રી-ડીપ્લોમા, ૩૭ ગોલ્ડ મેડલ, ૩૮ સિલ્વર મેડલ, ૪૫ Ph.D. ડિગ્રી તથા ૪૫ પ્રમાણપત્રો એનાયત થયા હતા.

ચતુર્થ પદવીદાન સમારંભ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ પોતાના વ્યક્તવ્યમાં કહ્યું કે, યુનિવર્સિટીમાંથી પાસ થઈને બહાર નીકળનારા વિદ્યાર્થી બૌદ્ધિક અને વ્યવસાયિક રીતે સક્ષમ હોવા સાથે સમાજ સાથે નિસ્બત ધરાવતા સંવેદનશીલ હોવા જોઈએ. વિશ્વ જ્યારે ગ્લોબલ વિલેજ બન્યું છે, ત્યારે વૈશ્વિક પ્રવાહો સાથે કદમ મિલાવી શિક્ષણમાં બદલાવ લાવવો આવશ્યક છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે જે માર્ગ પ્રશસ્ત કર્યો હતો તે માર્ગે પાસઆઉટ થનાર વિદ્યાર્થીઓ ચાલે અને તે રીતે સમાજનું ઋણ ચૂકવે. પરંપરાગત શિક્ષણ સાથે દૂરવર્તી શિક્ષણ પણ ખૂબ જ ઉપયોગી છે. જે લોકો શિક્ષણથી વંચિત રહ્યા છે તેઓ તેમના ધંધા – વ્યવસાય સાથે શિક્ષણ મેળવી શકે તેવી તક આવી ઓપન યુનિવર્સિટી પૂરી પાડે છે. યુનિવર્સિટી દ્વારા નવું શરૂ કરવામાં આવેલ સ્પેશિયલ સપોર્ટ સેન્ટર, દિવ્યાંગ, આદિજાતિ તથા છેવાડાના લોકો સુધી વિશિષ્ટ શિક્ષણ આપી અને તેઓને પગભર કરવા જે પ્રયત્ન કરી રહ્યું છે તેની રાજ્યપાલશ્રીએ સરાહના કરી હતી. યુનિવર્સિટી દ્વારા યોજાયેલ કોન્ફરન્સ અંગેની પુસ્તિકાઓનું વિમોચન પણ રાજ્યપાલશ્રીએ આ તકે કર્યું હતું.

શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, વિભક્ત કુટુંબની વ્યવસ્થા ફૂલીફાલી તેમ શિક્ષણ અને સલામતીની ભાવના બળવત્તર બની ગઈ છે અને તેમાંથી શિક્ષણ ન માત્ર નોકરી વ્યવસાય માટે પરંતુ પોતાના અને કુટુંબના વિકાસ માટે પણ જરૂરી છે એવો ખ્યાલ વિકસિત થયો છે. કૂખમાં બાળક લઈને આવેલી વિદ્યાર્થિનીની સરાહના કરતા તેમને કહ્યું કે, પહેલા જ્યાં મહિલાઓને શિક્ષણ આપવાની માનસિકતા નહોતી તેવી સમાજ વ્યવસ્થામાં શિક્ષણ લેવાનું મહત્ત્વ આજે વધ્યું છે જે મહિલા સશક્તિકરણની સારી નિશાની છે. તેમણે કહ્યું કે, વિશ્વમાં દેશનું અસ્તિત્વ ઉન્નત બનાવવા માટે દેશ એક હોય તે જરૂરી છે.

ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. નાગેશ્વર રાવે જણાવ્યું કે, ભારત જેવા વૈવિધ્યપૂર્ણ અને વસ્તીની બહુલતા ધરાવતા દેશમાં મુક્ત અને દુરસ્ત શિક્ષણ ખુબ જ ઉપયોગી છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમીબહેન ઉપાધ્યાયે યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલ વિવિધ પાસાઓ વિશેની વિસ્તૃત વિગતો અને યુનિવર્સિટીની માંગ આધારિત પ્રવેશથી માંડી, માંગ આધારિત પરીક્ષાની દિશામાં સજાગ રીતે કાર્યરત છે તેની ભૂમિકા આપી હતી. આ પદવીદાન સમારોહમાં રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવે, કુલસચિવશ્રી ભાવિન ત્રિવેદી, પ્રાધ્યાપકશ્રીઓ, ડિગ્રી – ડિપ્લોમા મેળવનાર વિદ્યાર્થી- વિદ્યાર્થિનીઓ, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચતુર્થ પદવીદાન - ૨૦૧૯ મેડાલીસ્ટની યાદી
## સ્કૂલ ઓફ હ્યુમીનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ

| નામ | કોર્સ |
|---|---|
| ગોલ્ડ મેડાલીસ્ટ | |
| ગામિત પીનાબેન રામજીભાઈ | BSW |
| વણકર અજીતભાઈ મુળાભાઈ | B.A. |
| પટેલ મનીષાબહેન હિરજીભાઈ | B.A. |
| પરમાર દિગ્વિજયસિંહ પવનસિંહ | B.A. |
| શર્મા કલ્પનાબહેન પ્રવિણચંદ્ર | B.A. |
| પટેલ દીપાવતીબહેન બાબુલાલ | B.A. |
| પટેલ પૂજા અરવિંદભાઈ | B.A. |
| સોલંકી રેણુકાબેન ભાણાભાઈ | B.A. |
| સોલંકી નયનાબેન પ્રાગજીભાઈ | B.A. |
| ફુલેત્રા ફાલ્ગુની દિનેશભાઈ | B.A. |
| પારધી નટુભાઈ જેરામભાઈ | B.A. |
| પટેલ વિનોદકુમાર પુરુષોત્તમભાઈ | B.A. |
| જોશી મયુરકુમાર રમેશભાઈ | B.A. |
| ચાવડા કામિનીબેન પ્રમોદભાઈ | B.A. |
| પટેલ પાર્થ મહેન્દ્રકુમાર | B.A. |
| પટેલ જીગ્નેશભાઈ ગાંડાભાઈ | B.A. |
| પ્રજાપતિ સરોજબેન વિસાભાઈ | B.A. |
| કુરેશી અમિરખાન અફજલખાન | BLIS |
| ગોર ખુશ્બુ અશ્વિનભાઈ | BLIS |
| ગામિત જગદીશભાઈ જેરામભાઈ | MSW |
| દરજી રિતેશકુમાર મહેશભાઈ | MEG |
| ઠાકર મૌનસ ઠાકર | MEG |
| બારોટ પાયલબેન પ્રફુલ્લભાઈ | MGT |
| કનાડા વૈશાલીબેન હિંમતલાલ | MGT |
| પ્રજાપતિ મીનાબહેન પ્રહલાદભાઈ | MHD |
| પરમાર અલ્પાબેન અંબાલાલ | MHD |
| બારૈયા રીનાબેન નરવતસિંહ | MHD |
| વ્હોરા ઉસ્માંન્ગની બચુબાઈ | MSO |
| પ્રજાપતિ મહેશભાઈ ભીખાભાઈ | MSO |

| નામ | કોર્સ |
|---|---|
| સિલ્વર મેડાલીસ્ટ | |
| પટેલ જાગૃતિબેન જશુભાઈ | B.A. |
| સતાપરા રેખાબેન ચમનભાઈ | B.A. |
| દવે દયાબેન જયંતિલાલ | B.A. |
| પટેલ રીનાબહેન ઘનશ્યામભાઈ | B.A. |
| હરિજન વૈશાલીબેન ગોપાલભાઈ | B.A. |
| રાઠોડ રામસિંગ દુલાભાઈ | B.A. |
| દેસાઈ કાનજીભાઈ જુગાભાઈ | B.A. |
| વણઝાર હમીરભાઈ ભીખાભાઈ | B.A. |
| ઝાલા મીરાબહેન બળવંતસિંહ | B.A. |
| મહેતા હેતલ લાભશંકર | B.A. |
| પટેલ ધરતીબેન મહેન્દ્રભાઈ | B.A. |
| ગોસ્વામી દીપકપુરી હરીશપુરી | B.A. |
| રહેવર જલાપાકુવાર દોલતસિંહ | B.A. |
| મોઢ હેતલ નરેન્દ્રભાઈ | B.A. |
| પટેલ જતીનકુમાર કાન્તિલાલ | B.A. |
| પટેલ સેજલકુમારી ઠાકોરભાઈ | B.A. |
| પટેલ મૌલિકકુમાર રજનીકાંત | B.A. |
| રાઠોડ ભૂમિકા ભીખુભાઈ | BLIS |
| મકવાણા તેજલ જીતેન્દ્રસિંહ | BLIS |
| પંડયા પુષ્પાબેન આશારામભાઈ | MSW |
| સુબા જતિન અરવિંદભાઈ | MEG |
| મોઢિયા દિવ્યાબહેન મહેન્દ્રકુમાર | MEG |
| ઝાલા રાજેશ્રીબા વનરાજસિંહ | MGT |
| પરમાર લક્ષ્મીબેન વિનુભાઈ | MGT |
| સુબારાણા દિપાલી ભૂપતરાય | MGT |
| પરમાર વિજયકુમાર ચંદ્રસિંહ | MHD |
| કરિયા સપના દિલીપભાઈ | MHD |
| ઠાકોર સવજી ખાનજી | MSO |
| રૂપેરા મયુરકુમાર અનિલભાઈ | MSO |

| સર્ટિફિકેટ | | | |
|---|---|---|---|
| ચૌધરી દિવ્યાકુમારી નરેન્દ્રભાઈ | BSW | પ્રજાપતિ ધવલકુમાર કમલેશભાઈ | B.A. |
| કેરલીયા જલ્પાબહેન જયંતિલાલ | B.A. | પ્રજાપતિ હસુમતીબહેન અમૃતલાલ | B.A. |
| પટેલ કુંદનબહેન નીકેશલાલ | B.A. | પટેલ પ્રિયંકા કિરીટભાઈ | B.A. |
| માનસીયા અસરાહુસેન મહમદભાઈ | B.A. | રબારી તેજલબેન જેઠાભાઈ | BLIS |
| ઠાકોર ભારતીબહેન મંગળજી | B.A. | વ્યાસ નેહલબેન હસમુખભાઈ | BLIS |
| બારિયા નયનાબહેન ગુલાબસિંહ | B.A. | જોશી નીલેશ મહેન્દ્રપ્રસાદ | MSW |
| જાદવ મનીષ હીરાચંદ | B.A. | ચૌહાણ પાયલબેન બાબુભાઈ | MEG |
| ખુંટ અંજનાબહેન રતિલાલ | B.A. | પરમાર પ્રણવ નવનીતભાઈ | MEG |
| ચૌહાણ કોમલબેન પ્રકાશભાઈ | B.A. | શાહ કવિતા નલીન | MEG |
| ઠક્કર પૂર્વીબહેન જમનાદાસ | B.A. | જોશી મીરાં જયંતિલાલ | MGT |
| પ્રજાપતિ તેજલબહેન ગોરધનભાઈ | B.A. | ચૌહાણ દિનેશકુમાર નાનજીભાઈ | MGT |
| પરમાર ઋતુરાજ ભાનુકુમાર | B.A. | રાઉલજી ભાવિકાબેન પ્રવીણસિંહ | MHD |
| ચૌહાણ શર્મિષ્ઠાબહેન રમણભાઈ | B.A. | વ્યાસ જીજ્ઞાસા વિમલકુમાર | MHD |
| રાવલ કોમલબહેન ચુનીલાલ | B.A. | વાળંદ નીલેશકુમાર કોબરભાઈ | MSO |
| | | રાજગોર નીવરાજ વિનોદચંદ્ર | MSO |

## સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ

| નામ | કોર્સ |
|---|---|
| ગોલ્ડ મેડાલીસ્ટ | |
| દલવાડી જીનલ નીતિનભાઈ | BBA |
| લાલવાણી દિવ્ય રમેશ | BBAHT |
| જોશી પાયલબેન જાદવજીભાઈ | B.Com. |
| જીન્ગેર પૂર્વી ગણેશભાઈ | B.Com. |
| સિલ્વર મેડાલીસ્ટ | |
| સિંઘ આદિત્યશેખર દિનેશકુમાર | BBA |
| વર્મા કુશાગ્રા સુનીલ | BBAHT |
| બારિયા ભારતીબેન પ્રભાતભાઈ | B.Com. |
| સુજનીવાલા ફરાસતાબાનું મોહ.રફીક | B.Com. |
| પટેલ મિતેષકુમાર જેઠાલાલ | B.Com. |
| સર્ટિફિકેટ | |
| કાકડિયા ધારા યશવંતભાઈ | BBA |
| લાલવાણી કરણ સુરેશ | BBAHT |
| જેતપુરા કમલેશકુમાર રતિલાલ | B.Com. |

## સ્કૂલ ઓફ એજ્યુકેશન એન્ડ ડિસ્ટન્સ એજ્યુકેશન

| નામ | કોર્સ |
|---|---|
| ગોલ્ડ મેડાલીસ્ટ | |
| ચૌધરી રમેશભાઈ ગોવાભાઈ | B.Ed. |
| પરમાર બાબાભાઈ નાગજીભાઈ | B.Ed. |
| સિલ્વર મેડાલીસ્ટ | |
| વૈષ્ણવ અશ્વિનકુમાર ડાહ્યાલાલ | B.Ed. |
| સર્ટિફિકેટ | |
| વાઘેલા સચિનચંદ્ર દિનેશચંદ્ર | B.Ed. |
| પટેલ નરેશકુમાર ગંગારામભાઈ | B.Ed. |
| પાયા હિરજીભાઈ માવજીભાઈ | B.Ed. |
| ઠાકર કુમીર્ગર્ગી પ્રધુમ્નકુમાર | B.Ed. |
| પટેલ સ્નેહાબહેન ધીરજલાલ | B.Ed. |
| ગોસ્વામી મૌલીકાબેન બાબુપુરી | B.Ed. |
| રાણા અમીષા વિજયકુમાર | B.Ed. |
| ગોંડલિયા રશ્મિકાબેન યોગેન્દ્રકુમાર | B.Ed. |

# સ્કૂલ ઓફ કોમ્પ્યૂટર સાયસીન્સ

| નામ | કોર્સ |
|---|---|
| ગોલ્ડ મેડાલીસ્ટ | |
| મેનીરિયા ભારતી નારાયણલાલ | BCA |
| સોલંકી દક્ષેશકુમાર ગોપાલભાઈ | BCA |
| સિલ્વર મેડાલીસ્ટ | |
| ચૌધરી વિભાબેન નરેશભાઈ | BCA |
| ટાંક રશ્મી મનસુખભાઈ | BCA |
| સર્ટિફિકેટ | |
| ભરવાડ જીગાભાઈ માતમભાઈ | BCA |
| શ્રીવાસ્તવ દિશા સુરેશભાઈ | BCA |
| સોલંકી વિલાસકુમાર ધીરજભાઈ | BCA |
| ચૌહાણ સંતોષકુમાર બંકેલાલ | BCA |









# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા મળેલી એક અમૂલ્ય ભેટ યોગ જે મન અને શરીર, વિચાર અને ક્રિયા, સંયમ અને પરિપૂર્ણતા વચ્ચે રહેલી એકતા છે. જે આરોગ્ય અને કલ્યાણનો સમગ્ર દ્રષ્ટિકોણ, મનુષ્ય અને પ્રકૃતિની સંવાદિતાનું મૂળરૂપ છે. યોગ એ  એકાત્મતાની શોધ છે. આપણી જીવનશૈલીમાં ફેરફાર કરી તથા ચેતના જાગૃત કરીને તે આપણને આબોહવાના પરિવર્તનોનો સામનો કરવામાં મદદ કરી શકે છે. યોગવિદ્યા એ શરીરને આત્મા સાથે એકતાલ કરી જોડતી મહર્ષિ પતંજલિની વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે.

ભારતના માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા માટે વિનંતી કરી. જેનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્વીકાર થયો અને ૨૧, જૂનને 'વિશ્વ યોગ દિવસ' તરીકે જાહેર કરાયો. છેલ્લા પાંચ વર્ષથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ૨૧, જૂનને 'વિશ્વ યોગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે આજના રોજ તા. ૨૧/૦૬/૨૦૧૯ના યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં માન. કુલપતિશ્રી ડૉ. અમીબેન ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને પાચમાં 'વિશ્વ યોગ દિવસ'ની  ઉજવણી કરવામાં આવી. જેમાં યુનિવર્સિટી માન. કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય, નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી, શૈક્ષિણક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ હાજર રહેલા હતા. યુનિવર્સિટીના કેન્દ્ર 'ઓમ કલીનીક-અમદાવાદ'ના ડૉ. વિક્રમ ઉપાધ્યાય અને તેમની ટીમ હાજર રહી યોગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત તા. ૧૯ અને ૨૦ જૂન, ૨૦૧૯ના રોજ યોગ પ્રશિક્ષકો દ્વારા તાલીમ પણ આપવામાં આવી હતી.









# ભારતરત્ન ડૉ. ભીમરાવ આમ્બેડકરની જન્મજયંતિની ઉજવણી
## ‘સમાજ, સમરસતા અને શિક્ષણ’

તા. ૧૪/૦૪/૨૦૧૯ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૮મી જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિત્તે યુનિવર્સિટીમાં ‘સમાજ, સમરસતા અને શિક્ષણ’ વિષય પર કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની ઉદઘાટનમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાય, રાષ્ટ્રીય કન્વીનર અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ખાસ મહેમાનશ્રી ભીખુ દાદા ઈદાતે, વિવિધ સમાજસેવા સંસ્થાના સંયોજક અને અધ્યક્ષશ્રી સુનીલ મહેતા, ડૉ. જયંતિ ભાડેસિયા તથા શ્રી કિશોર મકવાણા હાજર રહી ડૉ. બાબાસાહેબ આંબેડકરજીનાં વિચારરૂપે ‘સમાજ, શિક્ષણ અને સમરસતા’ પર દિશાસૂચક વક્તવ્ય આપ્યું હતું. સમાજમાં સમરસતા કેળવણીથી જ કેળવાય છે. એકતા અને સહિષ્ણુતા પર ગહન ચિંતન અને ઉમદા વિચારો વ્યક્ત કરી સમરસતાની ભાવના સહુમાં કેળવાય તેમ કાર્યક્રમને ખૂબ સફળ રીતે ઉજવ્યો હતો. કાર્યક્રમના અંતમાં રાષ્ટ્રગાન ગાઈ ડૉ. ભીમરાવ આંબેડકરજીને વંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગુજરાતી વિષયના અધ્યાપક લેખક દિનુ ભદ્રેસરિયાના પુસ્તક ‘ચાલો, વિશ્વવિભૂતિ ડૉ. આંબેડકરને ઓળખીએ’નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.














# જીવન ઘડતર અને પુસ્તક વિષય પર ચર્ચાસભા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ અને વિવેકાનંદ ગ્રંથાલય વિભાગ દ્વારા તા. ૨૫/૦૪/૨૦૧૯ના દિવસે 'વિશ્વ પુસ્તક દિવસ'ની ઉજવણીના ભાગ રૂપે 'જીવન ઘડતર અને પુસ્તક' વિષય પર ચર્ચાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૩/૦૪/૨૦૧૯ 'વિશ્વ પુસ્તક દિવસ' તરીકે ઉજવાતો હોવાથી આ નિમિત્તે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, વિવેકાનંદ ગ્રંથાલયમાં તેનું આયોજન સાંજે ૫ થી ૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કા. કુલસચિવશ્રી ડૉ. ભાવિન ત્રિવેદી, ડૉ. મહેશપ્રસાદ ત્રિવેદી (નિયામક, એકેડેમિક), ડૉ. મનોજ શાહ (નિયામક, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ), પ્રો. ડૉ. નીલેશ મોદી (નિયામક, કમ્પ્યુટર સાયન્સ), ડૉ. અજીતસિંહ રાણા (નિયામક, એજ્યુકેશન), શ્રી ગોવિંદસિંહ રાજપૂત (નાણા અધિકારી), ડૉ. યોગેન્દ્ર પારેખ (પ્રોફેસર, ગુજરાતી), ડૉ. અર્ચના મિશ્રા(આસિસ્ટન્ટ પ્રોફેસર, હિન્દી), ડૉ. દીપ્તિબા ગોહિલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, રાજ્યશાસ્ત્ર), ડૉ. સોનલ ચૌધરી(આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ),ડૉ. દિગીશ વ્યાસ (આસિસ્ટન્ટ પ્રોફેસર, પરર્ફોમિંગ આર્ટ્સ), શ્રી સંજય પટેલ (આસિસ્ટન્ટ પ્રોફેસર, સામાજિક વિજ્ઞાન), ડૉ. નિગમ પંડ્યા(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડૉ. જયશ્રી ગુર્જર(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડૉ. કૃતિ છાયા (આસિસ્ટન્ટ પ્રોફેસર, અર્થશાસ્ત્ર), ડૉ. મીના રાજપૂત(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન), ડૉ. મૌનસ ઠાકર(આસિસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન) તથા એકેડેમિક તથા ટેકનીકલ સ્ટાફ હજાર રહ્યા હતા. આ ચર્ચા સભાની શરૂઆત ડૉ. પ્રિયાંકી વ્યાસના સંબોધન અને આવકારથી કરવામાં આવી. ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા તેમના જીવનને સ્પર્શી જતા પુસ્તકો તથા તેમના અનુભવો સાથે ચર્ચાની શરૂઆત કરવામાં આવી. ડૉ. નિગમ પંડ્યા, ડૉ. દીપ્તિબા ગોહિલ, ડૉ. અર્ચના મિશ્રા, શ્રી સંજય પટેલ, દ્વારા તેમના જીવનને લગતા અનુભવો અને સારા પુસ્તકો વિષે ચર્ચા કરી હતી. હાજર રહેલ સૌ સભ્યો દ્વારા આજ વિષયને આગળના મહિનામાં પુનઃ રાખી ચર્ચા કરવી તેવું સૂચન કરવામાં આવ્યું. ડૉ. ચેતના શાહ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને ગુરુવારિયુંનું સ્નેહપૂર્વક સમાપન થયું હતું.









# ટૂંકીવાર્તા પર ચર્ચાસભા


ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવેકાનંદ ગ્રંથાલય વિભાગ દ્વારા તા. ૨૭/૦૬/૨૦૧૯ના રોજ ટૂંકીવાર્તા પર ચર્ચાસભાનું આયોજન કરવામાં આવેલ. જેમાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા. આ સભામાં શ્રી અર્ચિતાબેન મૂછડીયા દ્વારા 'વાર્તા રે વાર્તાથી' શરૂ કરી ટૂંકીવાર્તાના ઉદ્દભવ વિશે ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ ડૉ. યોગેન્દ્ર પારેખ દ્વારા જણાવ્યું કે, ટૂંકીવાર્તા એક સાહિત્ય સ્વરૂપ તરીકે પશ્ચિમનું સાહિત્ય સ્વરૂપ છે. ઈ.સ. ૧૯૦૦માં 'શાંતિદાસ' નામની વાર્તા પ્રગટ થયેલી ૧૯૧૮માં પ્રગટ થયેલી 'ગોવાલણી' વાર્તામાં ટૂંકીવાર્તાનું સ્વરૂપ સિદ્ધ થયું. તમામ સાહિત્ય સ્વરૂપોમાં ગુજરાતી ટૂંકીવાર્તાની એક સદીની સ્વરૂપ સમૃદ્ધિ વિશ્વસાહિત્યની કોઈપણ ભાષાનો મુકાબલો કરી શકે તેમ છે. ડૉ. નિગમ પંડ્યાએ અંગ્રેજી વાર્તાના ઉદાહરણો આપવાની સાથે ધૂમકેતુનાં 'તણખા મંડળ'ની વાર્તાઓનો અસરકારક રીતે ઉલ્લેખ કર્યો હતો. ડૉ. ચેતના શાહ દ્વારા ટૂંકીવાર્તાઓ જીવનમાં અને બાળ વિકાસમાં કેવી રીતે ઉપયોગી થાય છે તેની રજૂઆત સાથે આવેલ તમામનો આભાર માની કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.






# જળ સંરક્ષણ ચર્ચાસભા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. ૧૨/૦૬/૨૦૧૯ના રોજ ગૌતમ હોલમાં 'જળ સરક્ષણ' ચર્ચાસભાનું આયોજન માન. કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ ચર્ચા સભામાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી, શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. કૃતિ છાયા દ્વારા પાણીની અછતની ગંભીરતાને ધ્યાને લઈ ઊભી થનારી સંભવિત ગંભીર સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પાણીની અછતથી સર્જાનાર સમસ્યાઓ અને તેને કેવી રીતે બચાવી શકાય તેની સમજ પણ આપવામાં આવી હતી.. યુનિવર્સિટીમાં હાજર રહેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દ્વારા પાણી કેવી રીતે બચાવી શકાય તે વિશે ચર્ચા કરવામાં આવી હતી. ભવિષ્યમાં ઊભી થનાર ગંભીર સમસ્યા પાણીની અછત પર ચર્ચા કરી સૌ ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવી હતી.










# અરવિંદ મિલ ખાત્રજ - પ્રિ-એડમિશન કાઉન્સીલીંગ, અમદાવાદ-ગાંધીનગર રીજન-૦૧

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા CRS પ્રોજેક્ટ અંતર્ગત તા. ૩૦-૦૬-૨૦૧૯ના રોજ અરવિંદ મીલ, ખાત્રજ ખાતે કામ કરેતી બહેનો માટે પ્રી-એડમિશન કાઉન્સીલીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. ચેતના શાહ અને તેમની ટીમના સભ્ય તરીકે શ્રી હેમંત શાહ અને શ્રી અંકિત ગોહેલ હાજર રહેલ હતા. આ કાઉન્સીલીંગમાં ડૉ. ચેતના શાહ દ્વારા યુનિવર્સિટી ખાતે ચાલતા વિવિધ અભ્યાસક્રમો, એડમિશન પ્રક્રિયા, તેમજ તેઓને ભણવામાં યુનિવર્સિટી કઈ રીતે સહાયભૂત થઈ શકે તે અંગે વિસ્તૃત માહિતી આપી. અરવિંદ મીલમાં કામ કરતી બહેનોએ પણ વિવિધ અભ્યાસક્રમમાં એડમિશન લેવા માટે ઉત્સાહ બતાવ્યો હતો. આ ઉપરાંત અરવિંદ મીલ તરફથી ગર્લ્સ હોસ્ટેલના વોર્ડન શ્રી ચન્દ્રકલાબહેન હાજર રહી સાથ અને સહાકાર આપી બહેનોને અભ્યાસ માટે પ્રોત્સાહિત કર્યા હતા.









# વ્યાખ્યાન શ્રેણી

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. ૦૫/૦૯/૨૦૧૯ના રોજ 'શિક્ષક દિન' નિમિત્તે 'ઇન પર્સ્યુટ ઓફ એક્સેલન્સ' વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાજી અને પ્રો. કમલ મહેતાએ ઉપસ્થિત રહ્યા હતા. માનનીય કુલપતિશ્રી, પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે સન્માનિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. માનનીય વક્તા ડૉ. બળવંત જાની, (કુલપતિશ્રી, ડૉ. હરિસિંગ ગૌર વિશ્વવિદ્યાલય, મધ્યપ્રદેશ)એ 'ધર્મંતરિત મુસ્લિમોના મધ્યયુગીન ગુજરાતી સાહિત્યમાં ભારતીયતા' વિષય પર એક આકર્ષક વકતવ્ય આપ્યું હતું અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ વ્યાખ્યાન શ્રેણીમાં અધ્યાપકો, શિક્ષણવિદો અને યુનિવર્સિટીના કર્મચારીઓ પણ હાજર રહ્યાં હતાં.













# PHOTO GALLERY














# વર્તમાનપત્રોમાં યુનિવર્સિટી

### દિવ્યાંગો, શહીદોના સંતાનો પણ ભણી શકશે

## આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કિન્નરો માટે લર્નિંગ સેન્ટર બનશે

### પદવીદાન સમારંભમાં VCની જાહેરાત

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ચોથો પદવીદાન સમારોહ યોજાયો હતો, જેમાં 1200 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ દરમિયાન આંબેડકર ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અમી ઉપાધ્યાયે જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, 'ચાલુ શૈક્ષણિક વર્ષથી ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં કિન્નરો, દિવ્યાંગો અને શહીદ પરિવારના બાળકો માટે ગુજરાતનું સૌપ્રથમ 'સ્પેશિયલ લર્નિંગ સેન્ટર બનાવવામાં આવ્યું છે, જેમાં આ વર્ષે એડમિશન આપવામાં આવશે.

વાઈસ ચાન્સેલર અમી ઉપાધ્યાયે સ્પેશિયલ લર્નિંગ સેન્ટર વિશે વધુમાં જણાવતા કહ્યું કે, 'સ્પેશિયલ લર્નિંગ સેન્ટરમાં કિન્નરોને દિવ્યાંગ લોકો અને શહીદ પરિવારના બાળકો અભ્યાસ કરવાની સાથે તેઓને કાઉન્સેલિંગ અને સ્કિલબેઝ તાલીમ પણ આપવામાં આવશે. આ માટે ખાસ સ્ટડી મેથડ પણ ડેવલપ કરવામાં આવશે. લર્નિંગ સેન્ટરમાં આદિવાસી પરિવારના બાળકોને પણ એજ્યુકેશન અને સ્કિલબેઝ લર્નિંગ કરાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પદવીદાનમાં 1200 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. આ પદવીદાન સમારંભમાં રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજ્યપાલ ઓ.પી.કોહલી હાજર રહ્યા હતા.



કલોલ ભાસ્કર | કલોલની આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં ચાલતા ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિર્વસિટી સેન્ટરના વિદ્યાર્થીઓની પરિચય બેઠક કોલેજમાં યોજાઈ હતી. જેમાં ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીમાંથી રિઝન હેડ ડૉ.ચેતનાબેન શાહ હાજર રહી વિદ્યાર્થીઓને યુનિવર્સિટીના અભ્યાસક્રમો અંગે માહિતી આપી હતી. કોલેજના પ્રિ.ડો.કે.સી.દેશમુખે ઓપન યુનિવર્સિટીનો લાભ લેવા જણાવ્યું હતું. સેન્ટરના કો-ઓર્ડીનેટર ડો.એચ. કે.સોલંકીએ વિદ્યાર્થીઓને અભ્યાસ સામગ્રી આપી તેની વિસ્તૃત સમજ આપી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહીને પુસ્તકો,આઈ કાર્ડ વગેરે મેળવી લીધા હતા. જેમાં નવા પ્રવેશ તારીખ 20મી, જૂનથી શરૂ થશે.

### રાજ્યપાલ ઓ.પી કોહલીએ કહ્યું,

## બાબાસાહેબની જેમ વિદ્યાર્થીઓએ પણ વૈવિધ્યસભર જ્ઞાન મેળવવું જોઈએ

### ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.નો ચોથો પદવીદાન સમારંભ યોજાયો




...ટી રિપોર્ટર cbamdavad@gmail.com

...ો. બાબાસાહેબ આંબેડકર ઓપન ...ુનિવર્સિટીનો ચોથો પદવીદાન સમારોહ ...ઈકાલે યુનિવર્સિટીના છારોડી કેમ્પસ ખાતે ...ોજાઈ ગયો. જેમાં 1200 વિદ્યાર્થીઓને ...દવી એનાયત કરવામાં આવી હતી. 1200 ...દ્યાર્થીઓમાંથી 37 વિદ્યાર્થીઓને ગોલ્ડ ...ડલ, 38 વિદ્યાર્થીઓને સિલ્વર મેડલ ...નાયત કરવામાં આવ્યા હતા. પદવીદાનમાં ...જ્યપાલ ઓ.પી કોહલી, ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર નાગેશ્વર રાવ અને રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ હાજરી આપીને વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપી હતી.

રાજ્યપાલ ઓ.પી કોહલીએ કહ્યું કે, 'ડૉ. બાબાસાહેબ જ્ઞાનના ઉપાસક હતા. તેઓ જે વિષય પર ચિંતન કરવાનું શરૂ કરતા તે વિષયની સાથે જોડાયેલા અન્ય વિષયો અને સંદર્ભને પણ તે વિષયના અભ્યાસમાં સમાવેશ કરતા હતા. આજના સમયમાં દરેક વિદ્યાર્થીઓ પાસેથી આ પ્રકારનું વૈવિધ્ય સભર જ્ઞાન મેળવીને રાષ્ટ્ર નિર્માણમાં મદદરૂપ થવાની અપેક્ષા છે.

રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેએ કહ્યું કે, 'બાબાસાહેબ કોઈ પણ રાષ્ટ્રની નારીની ઉન્નતિને રાષ્ટ્રની ઉન્નતિની પારાશીશી માનતા હતા. મહિલા ઉત્કર્ષણના ડો. આંબેડકરના સ્વપ્નને સાકાર કરવા માટે ઘણું બધુ કરવાનું બાકી છે. વિદ્યાર્થીઓએ કોલેજમાંથી મળેલા જ્ઞાનનો ઉપયોગ પોતાની અને રાષ્ટ્રની ઉન્નતિ માટે કરવો જોઈએ.

## BAOUના ચોથા પદવીદાન સમારોહમાં 12000 વિદ્યાર્થીને પદવી એનાયત




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો ચોથો વાર્ષિક પદવીદાન સમારંભ યોજાઇ ગયો. આ પ્રસંગે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવે, ઇન્દિરાગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નાગેશ્વર રાવ તેમજ રાજ્યપાલ ઓ.પી કોહલી ઉપસ્થિત રહ્યા હતા. યુનિવર્સિટી દ્વારા ચોથા પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાળાઓના સ્નાતક અને અનુસ્નાતક વિવિધ વિષયમાં પ્રથમ ક્રમે આવનાર ૩૭ વિદ્યાર્થીને ગોલ્ડ મેડલ, ૩૮ વિદ્યાર્થીને સિલ્વર મેડલ અને ૪૫ વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપવામાં આવ્યા તેમજ ૧૨૦૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ. આ સાથે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમી ઉપાધ્યાયે વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દી માટે અભિનંદન પાઠવી કોલેજ કેમ્પસમાં સ્પેશિયલ લર્નર સ્ટડી સેન્ટર બનશે તેની જાણકારી આપી હતી.

ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ તેમના વકતવ્યમાં કહ્યું કે, તાજેતરમાં બીએઓયુ દ્વારા 'તેજતૃષા-૨૦૧૯' હેઠળ એક પ્રસંશનીય પહેલ કરી જે આટલા વર્ષોમાં પહેલી વખત થઇ છે. ઓપન યુનિવર્સિટી દ્વારા આ પ્રકારના પ્રતિભાશોધ કાર્યક્રમોનું આયોજન સરાહનીય છે.


સંપાદક: ડૉ. જાગૃતિ જે. મહેતા

સહસંપાદક: ડૉ. ચેતના શાહ

ઓફસેટ: દર્શિત શાહ

ટાઈપિંગ: હેમન્ત શાહ

ફોટોગ્રાફી : ચૈતન્ય સ્ટુડિયો (BAOU)